GJSR120017672026

**CRMA J No. 559/2026 ના કામે અરજદારની અરજી હેઠળ હુકમ**

.....................................................................................................................

1. અરજદારની અરજી વંચાણે લીધી. અરજદારના વિ.વ.શ્રી.ને સાંભળ્યા. અરજદારે અરજી સાથે રજુ કરેલ દાખલો વંચાણે લીધો. અરજદારે પોતાની અરજીમા જણાવેલ છે કે, **અરજદારને નનસાડ ગ્રામપંચાયત તરફથી આપવામા આવેલ જન્મના દાખલામા પિતાનાં નામવાળી કોલમમા રમેશભાઇ** લખાયેલ છે. જે શરતચુકથી અને ભુલથી લખાયેલ છે. જ્યારે **ખરી હકીકતમા અરજદારનાં પિતાનું સાચુ અને ખરૂ નામ અરૂણભાઈ છે તેમજ માતાનાં નામવાળી કોલમમાં કુસુમબેન** લખાયેલ છે. જે શરતચુકથી અને ભુલથી લખાયેલ છે. જ્યારે **ખરી હકીકતમા અરજદારની માતાનું સાચુ અને ખરૂ નામ આશાબેન છે** અને અરજદારના માતા–પિતાનાં તમામ પુરાવાઓમા તેઓનાં પિતાનું નામ અરૂણભાઇ તેમજ તેઓની માતાનું નામ આશાબેન ચાલી આવેલ છે. હાલમા અરજદારને સરકારી તથા અર્ધસરકારી કામે આવશ્યકતા ઉભી થતા શ્રી તલાટી કમ મંત્રીશ્રી, નનસાડ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત જન્મનો દાખલો મેળવતા અરજદારનાં માતા–પિતાનાં નામમા ભુલ હોય જેથી તેમા સુધારો કરવા હાલની અરજી કરેલી છે.

2. સદર કામમા આંક–૦૬ થી અરજદાર પટેલ સોનલબેન અરૂણભાઇ નાઓનો સોગંદ પરનો પુરાવો રજુ થયેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ અરજદારનો જન્મ મોજે નનસાડ, તા.કામરેજ, જી.સુરત ની સીમમા થયેલ હોય જે અંગેની નોંધણી નનસાડ ગ્રામ પંચાયતના જન્મ નોંધણી રજીસ્ટરમા નોંધણી ક્રમાંક–૦૫ થી તા.૦૨/૦૩/૧૯૯૩ થી કરવામા

આવેલ છે. હાલમા અરજદારને જન્મના દાખલાની જરૂર પડતા તેઓએ સામાવાળા પાસેથી માંગણી કરતા તેઓએ જન્મનો દાખલો આપેલ છે. જેમા અરજદારના જન્મના દાખલામા પિતાનાં નામવાળી કોલમમા રમેશભાઇ લખાયેલ છે. જે શરતચુકથી અને ભુલથી લખાયેલ છે. જ્યારે ખરી હકીકતમા અરજદારનાં પિતાનું સાચુ અને ખરૂ નામ અરૂણભાઇ છે તેમજ માતાનાં નામવાળી કોલમમાં કુસુમબેન લખાયેલ છે. જે શરતચુકથી અને ભુલથી લખાયેલ છે. જ્યારે ખરી હકીકતમા અરજદારની માતાનું સાચુ અને ખરૂ નામ આશાબેન છે. તેમજ અરજદારે આંક–૦૮ થી જન્મના દાખલાની નકલ રજુ કરેલ છે. તેમાં માતા–પિતાના નામની કોલમમા અનુક્રમે કુસુમબેન અને રમેશભાઇ લખાયેલ છે. જ્યારે અરજદારે તેમની માતાનું આધારકાર્ડની ઝેરોક્ષ નકલ આંક–૧૩ થી રજુ કરેલ છે. તેમજ પિતાનો મરણનો દાખલાની ઝેરોક્ષ નકલ આંક–૧૨ થી રજુ કરેલ છે. જેમા નામની કોલમમા અનુક્રમે આશાબેન અને અરૂણભાઇ તરીકે દર્શાવેલ છે જેથી અરજદારે તેમના જન્મના દાખલામા માતા–પિતાના નામની કોલમમા સુધારો કરવા હાલની અરજી કરેલી છે.

3. સદર કામમા આંક-૧૮ થી સાહેદ આશાબેન અરૂણભાઇ પટેલનો પુરાવો રજુ થયેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદાર તેઓના પુત્રી થાય છે. ખરી હકીકતમા તેઓનું સાચુ અને ખરૂ નામ આશાબેન ચાલી આવેલ છે. તેમજ તેઓના આધારકાર્ડમાં પણ નામ આશાબેન ચાલી આવેલ છે. તથા અરજદારનાં પિતાનું સાચુ અને ખરૂ નામ અરૂણભાઇ ચાલી આવેલ છે. તેમજ તેઓની પુત્રીનાં સ્કુલ લિવીંગ સર્ટીફીકેટ, વોટીંગ કાર્ડ, આધારકાર્ડ વિગેરેમાં પણ તેઓનું નામ આશાબેન અને અરજદારનાં પિતાનું નામ અરૂણભાઇ ચાલી આવેલ છે. પરંતુ અરજદારનાં જન્મના દાખલાની નોંધણી કરાવતી વખતે શરચુકથી અને ભુલથી તલાટી દ્વારા માતા-પિતાના નામની કોલમમા અનુક્રમે આશાબેન અને અરૂણભાઇના સ્થાને શરતચુકથી અને ભુલથી માતા-પિતાનાં નામની કોલમમા કુસુમબેન અને રમેશભાઇ લખાઇ ગયેલ છે. આ કામના

અરજદારે તેમના જન્મના દાખલામા માતા-પિતાના નામમાં સુધારો કરવા માટે હાલની અરજી કરેલી છે. અરજીમા લખેલ તમામ હકીકત સાચી અને ખરી છે જેથી તેઓએ આજરોજ કોર્ટ રૂબરૂ જાહેર કરેલ છે.

4. સદર કામમા આંક-૧૯ થી સાહેદ દિશાંતભાઇ શ્રીધરભાઇ પટેલનો પુરાવો રજુ કરેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદાર તેઓના નજીકનાં સગા-સંબંધી થાય છે. ખરી હકીકતમા અરજદારની માતાનું સાચુ અને ખરૂ નામ આશાબેન ચાલી આવેલ છે. તેમજ તેઓના આધારકાર્ડમાં પણ નામ આશાબેન ચાલી આવેલ છે. તથા અરજદારનાં પિતાનું સાચુ અને ખરૂ નામ અરૂણભાઇ ચાલી આવેલ છે. તેમજ તેઓની પુત્રીનાં સ્કુલ લિવીંગ સર્ટીફીકેટ, વોટીંગ કાર્ડ, આધારકાર્ડ વિગેરેમાં પણ તેઓનું નામ આશાબેન અને અરજદારનાં પિતાનું નામ અરૂણભાઇ ચાલી આવેલ છે. પરંતુ અરજદારનાં જન્મના દાખલાની નોંધણી કરાવતી વખતે શરચુકથી અને ભુલથી તલાટી દ્વારા માતા-પિતાના નામની કોલમમા અનુક્રમે આશાબેન અને અરૂણભાઈના સ્થાને શરતચુકથી અને ભુલથી માતા-પિતાનાં નામની કોલમમા કુસુમબેન અને રમેશભાઇ લખાઇ ગયેલ છે. આ કામના અરજદારે તેમના જન્મના દાખલામા માતા-પિતાના નામમાં સુધારો કરવા માટે હાલની અરજી કરેલી છે. અરજીમા લખેલ તમામ હકીકત સાચી અને ખરી છે જેથી તેઓએ આજરોજ કોર્ટ રૂબરૂ જાહેર કરેલ છે.

5. સદર કામમા આંક-૨૦ થી સામાવાળા પ્રવિણાબેન પી. દેસાઇનો પુરાવો નોંધાયેલ છે જેમા તેઓ જણાવે છે કે, તેઓ તલાટી કમ મંત્રી તરીકે નનસાડ પંચાયત કચેરીમા ફરજ બજાવે છે. તેઓને નામદાર કોર્ટની નોટીસ બજતા હાજર થયેલ છે. આ કામના અરજદાર પટેલ સોનલબેન અરૂણભાઇ નુ આંક-૦૮ થી રજુ જન્મનો દાખલો બતાવવામા આવે છે જે નનસાડ, ગ્રામપંચાયત દ્વારા આપેલ છે. જેમાં અરજદારની માતાનું નામ કુસુમબેન લખાયેલ છે. તેમજ પિતાનુ નામ રમેશભાઇ લખાયેલ છે. નનસાડ પંચયાતના સને ૧૯૯૩ ના જન્મ-મરણના રજીસ્ટરના ઉતારાની

ખરી નકલ જેને આંક -૨૨ આપવામા આવે છે. તેમા વિગતો ભરવામા આવેલ અને જે ગ્રામપંચાયતમાથી જન્મનો દાખલો આપવામા આવેલ હતુ. અરજદારનાં માતા-પિતાના નામમા સુધારો કરવાનો હુકમ ના.કોર્ટ દ્વારા કરવામા આવે તો આ પ્રકારનો સુધારો કરવા તેઓની કચેરી રાજી છે. ઉપરોક્ત જણાવેલ તમામ હકીકત સાચી અને ખરી હોવાનુ જણાવેલ છે.

6. આમ સદર કામે અરજદારની અરજી તેમજ અરજદાર પટેલ સોનલબેન અરૂણભાઈ નો સોગંદ પરનો પુરાવો આંક-૦૬ થી રજુ છે. જે વંચાણે લેતા અરજદારનો જન્મ મોજે નનસાડ ગામ, તા.કામરેજ, જી.સુરત ની સીમમા થયેલ હોય જે અંગેની નોંધણી ઘલા ગ્રામ પંચાયતના જન્મ નોંધણી રજીસ્ટરમા નોંધણી ક્રમાંક–૦૫ થી તા.૦૨/૦૩/૧૯૯૩ થી કરવામા આવેલ છે. તેમજ સામાવાળા પ્રવિણાબેન પી. દેસાઈનો આંક-૨૦ નો પુરાવો જોતા અરજદારની આ કામના સામાવાળાએ ગ્રામપંચાયત કચેરીના જન્મ નોંધણી રજીસ્ટરમા નોંધણી ક્રમાંક–૦૫ થી તા.૦૨/૦૩/૧૯૯૩ થી કરવામા આવેલ છે. પરંતુ, જન્મના દાખલામા તેઓના માતા-પિતાનાં નામની કોલમમા અનુક્રમે કુસુમબેન અને રમેશભાઇ તરીકે દર્શાવેલ છે. જ્યારે અરજદાર તરફે રજુ કરવામા આવેલ અરજદારની માતાનું આધારકાર્ડમાં નામની કોલમમા આશાબેન દર્શાવેલ છે. તેમજ અરજદારનાં આધારકાર્ડમાં પિતાનું નામ અરૂણભાઇ દર્શાવેલ છે. વધુમા અરજદાર તરફે સાહેદ આશાબેન અરૂણભાઈ પટેલનો આંક-૧૮ નો પુરાવો તથા સાહેદ દિશાંતભાઇ શ્રીધરભાઈ પટેલ નો આંક-૧૯ નો પુરાવો જોતા પણ અરજદારની અરજી ની હકીકતને સમર્થન મળે છે. તેમજ અરજદારનો જન્મનો દાખલો આંક–૦૮ થી રજુ રાખેલ છે. જેમાં માતા–પિતાનાં નામની કોલમમા અનુક્રમે કુસુમબેન અને રમેશભાઈ લખાયેલ છે. જ્યારે અરજદારની માતાના આધારકાર્ડ ની નકલ આંક–૧૩ થી રજુ કરેલ છે. જે વંચાણે લેતા અરજદારની માતાના નામની કોલમમા આશાબેન હોવાનુ જણાય આવે છે. તથા અરજદારનાં આધારકાર્ડની નકલ આંક–૧૧ થી રજુ કરેલ છે. જેમાં પિતાનાં નામની કોલમમાં અરૂણભાઇ હોવાનું

જણાય આવે છે. સદર કામે અરજદારના માતા–પિતાનાં નામની કોલમમા કુસુમબેન અને રમેશભાઈ જણાવેલ છે પરંતુ અરજદાર તરફે રજુ કરેલ માતાનું આધારકાર્ડ, અરજદારનું સ્કુલ લિવીંગ સર્ટીફીકેટની નકલ વંચાણે લેતા અરજદારની માતા–પિતાનાં નામની કોલમમા અનુક્રમે આશાબેન અને અરૂણભાઈ હોવાનુ જણાય છે. આમ અરજદાર તરફે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા ઓ વંચાણે લઈ તમામ હકીકત ધ્યાનમા લઈ અરજદારની અરજી અંગે ન્યાયના હિતમા નીચે મુજબને હુકમ કરવામા આવે છે.

**::હુકમ::**

1. અરજદારની અરજી **મંજુર** કરવામા આવે છે.
2. આ કામના સામાવાળા તલાટી કમ મંત્રીશ્રી, નનસાડ ગ્રામપંચાયત, તા.કામરેજ, જી.સુરત નાઓને આદેશ આપવામા આવે છે કે, અરજદાર પટેલ સોનલબેન અરૂણભાઈ, રહેવાસી: ૩–આંબાવાડી સોસાયટી, જુનુ જલારામ મંદિર, અમરોલી, તા.ચોર્યાસી, જી–સુરત નાઓનાં માતા–પિતાનું **સાચુ અને ખરૂ નામ અનુક્રમે આશાબેન અને અરૂણભાઈ** હોવાનુ જણાય છે. તેમા નામની કોલમમાં માતા–પિતાનું નામ અનુક્રમે કુસુમબેન અને રમેશભાઈ તરીકે દર્શાવેલ છે તેમા સુધારો કરી અરજદારનાં માતા–પિતાનું **સાચુ અને ખરૂ નામ અનુક્રમે આશાબેન અને અરૂણભાઈ** હોય તે મુજબનો સુધારો કરવો.

હુકમ આજરોજ તારીખ ૨૫ મી માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**તારીખ:– ૨૫/૦૬/૨૦૨૬** **(એસ.કે.ફટાણીયા)**
**સ્થળઃ કઠોર.** **જ્યુ.મેજી.ફર્સ્ટ ક્લાસ, કઠોર**
**જજ કોડ: GJ01769**